# જિલ્લામાં વધુ ૩ની પાસા હેઠળ ધરપકડ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં નિષ્પક્ષ અને નિર્ભીક રીતે મતદારો મતદાન કરી શકે તે માટે જિલ્લા તંત્રએ વધુ ત્રણ અસામાજિક તત્વો સામે પાસામાં અટકાયત કરી જેલ હવાલે કર્યા છે.

ચૂંટણી પ્રક્રિયાના પ્રારંભની સાથે જ તંત્રએ અગાઉ ૧૦ જેટલી પાસાની દરખાસ્તો જે પોલીસ દ્વારા રજૂ થઈ હતી તેને મંજૂરી આપી હતી. આ પછી ગત સપ્તાહે વધુ ત્રણ દરખાસ્તો પોલીસ દ્વારા રજૂ કરતાં જિલ્લા તંત્ર દ્વારા તેને મંજૂર કરી દેવામાં આવી છે.

જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલ માટે તંત્ર દ્વારા આ વખતે નોંધનીય કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લામાં ત્રણથી વધુ કેસો નાણાંની હેરાફેરીના પકડવામાં આવ્યા છે. જોકે બે કેસોમાં હિસાબો સાથે વિગતો રજૂ થતાં નાણાં છૂટા કરવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લામાં સીવીજીલ અંતર્ગત મળેલ ફરિયાદોનો પણ નિકાલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત હવે મતદાનનો દિવસ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ ૧૯૫૦ નંબર પર મતદારોની પૃચ્છાઓ પણ વધુ જવા પામી છે. જોકે તંત્રએ આ વખતે મતદારોને બહુ તકલીફ ના પડે તે માટે પણ કાળજી લીધી છે અને વૉટર સ્લીપોનું વિતરણ આરંભી દેવાયું છે.



ગટરના પાણી ઉભરાયા - સ્વચ્છ ગાંધીનગર, સ્વસ્થ ગાંધીનગરની ગુલબાંગો વચ્ચે અને સ્માર્ટ સિટી બનાવવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગ તો ખડકાયેલા જોવા મળે જ છે... સાથે સાથે હવે નવી સમસ્યા પણ નવા ગાંધીનગરમાં ઉભી થઈ છે... છેલ્લા કેટલાય સમયથી રિલાયન્સ ચોકડી પાસે આવેલા વાણિજ્ય સંકુલમાં ગટર ઉભરાય છે... અને તેનું ગંદુ પાણી માર્ગો પર ફરી વળે છે... જેનાથી રોગચાળો ફાટી નિકળવાનો ભય આસપાસના રહેણાંક વિસ્તારમાં રહેતા નાગરિકો સેવી રહ્યા છે... તંત્ર હવે આ તરફ ધ્યાન આપે તો સ્માર્ટ સિટીના સ્વપ્નને સત્વરે સાકાર કરી શકાય....

# ચૂંટણી પંચ નિરીક્ષકો સાથે વિડીયો કોન્ફરન્સ મારફતે સમીક્ષા કરશે

**ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા નિરીક્ષકો સાથે દિલ્હીથી વિડીયો કોન્ફરન્સ મારફતે સમગ્ર કામગીરીની સમીક્ષા કરાશે જ્યારે રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારી ડો. મુરલી ક્રિષ્ના ચૂંટણી અધિકારી સાથે સમીક્ષા કરશે**

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે ૨૩મી એપ્રિલે યોજાનાર મતદાનને લઈ આજે ચૂંટણીપંચ દ્વારા બે વિડીયો કોન્ફરન્સ યોજાનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પ્રથમ ચૂંટણી માટે નિમાયેલા નિરીક્ષકો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી અને ખાસ સમીક્ષા કરવામાં આવનાર છે. આ વિડીયો કોન્ફરન્સમાં માત્ર ને માત્ર ચૂંટણી માટે નિમાયેલા ખર્ચ નિરીક્ષક, પોલીસ નિરીક્ષક તેમજ જનરલ ઓબ્ઝર્વર જ હાજર રહેશે.

આ પછી સાંજે ૬ વાગે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા જિલ્લાના ચૂંટણી અધિકારીઓ સાથે ખાસ સમીક્ષા કરશે. જેમાં મતદાન મથકોમાં સુવિધાઓ, પોલીસ બંદોબસ્ત તેમજ અન્ય બાબતો આવરી લેવામાં આવનાર છે. આ ઉપરાંત મદાન પૂર્વે સ્ટાફના ડિસ્પેચીંગને લઈ કરાયેલ વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરાશે.

મતદાન પૂર્ણ થયા પછી ઈવીએમના રિસીવીંગ માટે કરાયેલ વ્યવસ્થા, મતગણતરીના સ્થળ નજીક કરાયેલ સ્ટ્રોંગરૂમની સુરક્ષા તેમજ વ્યવસ્થા સહિતના વિવિધ મુદ્દાઓની સમીક્ષા આ વી.સી.માં થશે. પંચ દ્વારા એક દિશામાં બે વી.સી. યોજવામાં આવનાર હોવાથી તે અંગેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે.

# વાતાવરણમાં પલ્ટાના અંતે ચાર દિવસથી ગરમીનુ જોર હળવુ : નગરજનોને રાહત

**ગરમીનો પારો ૩૪ થી ૩૬ ડિગ્રી વચ્ચે : કમોસમી વરસાદના અંતે ગરમીનો પારો નીચે ઉતર્યો : આગામી દિવસોમાં તાપમાન ઉંચકાશે હવામાન નિષ્ણાંત**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં વાતાવરણ પલ્ટાના લીધે છેલ્લા ચાર દિવસથી ગરમીનો



મિજાજ હળવો પડયો છે. ગરમીનો પારો ૪૦ ડિગ્રીની અંદર રહેતા શહેરીજનો પણ ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે. આજે પણ ગઈકાલની જેમ મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી રહ્યુ હતુ. જો કે આગામી દિવસોમાં ગરમીનુ પ્રમાણ વધે તેવી સંભાવના છે. આકરા તડકામાં રાહત વચ્ચે આજે દિવસ દરમિયાન નગરજનોએ બફારો અનુભવ્યો હતો.

શહેરમાં વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો નીચે ઉતરી ગયો છે. ગત માર્ચ મહીનામાં ગરમીના દિવસોના પ્રારંભથી મહત્તમ તાપમાન શરૂઆતથી જ ૪૦ ડિગ્રીનો પાર થઈ જતા નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા હતા. આક્રમક ગરમીથી નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. જો કે વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો પારો પણ ઉણો ઉતરી ગયો છે. વાદળિયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ વરસતા શહેરમાં સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. વાતાવરણ પલ્ટાના લીધે આકરી ગરમીનો મિજાજ પણ હળવો થઈ ગયો છે. જેના લીધે છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ તાપમાન પણ ૩૪ થી ૩૬ ડિગ્રી સુધી નીચે ઉતરી ગયુ છે. અગાઉ ગરમીનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જેના લીધે અંગ દઝાડતી ગરમીમાં નગરજનો શેકાયા હતા. ગરમીની વિચિત્ર અસરથી ત્રાહીમામ શહેરીજનો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. પરંતુ વાતાવરણ પલ્ટાના અંતે નગરજનોને ગરમીમાં ઘણી રાહત અનુભવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૦માં ૧૫૦ મકાનો તોડી પડાશે

**શહેરમાં ભયજનક આવાસો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે ત્યારે સે-૨૦ માં પણ ભયજનક આવાસોની સંખ્યા વિશેષ**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરના સરકારી આવાસો દિનપ્રતિદિન વધુ જોખમી બનતા જાય છે. દાયકાઓ જુના આવાસો તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હાલ સે-૬ માં એકબાજુ જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે.જયારે જુના સેકટરોમાં પણ ભયજનક આવાસો તોડવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં સે-૨૦ માં સરકારી આવાસો તોડવા આગામી દિવસોમાં કામ શરૂ કરાશે સે-૨૦ માં જ ,છ અને ચ-૧ કક્ષાના અંદાજિત ૧૫૦ જેટલા આવાસો તોડવામાં આવશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સરકારી આવાસો તબક્કાવાર તોડવાનુ કામ ચાલુ છે. સેકટરોમાં ભયજનક બ્લોક સમયાંતરે વિભાગ કક્ષાએથી મંજુરી મેળવી તોડવામાં આવી રહ્યા છે. જયારે હાલ આ મકાનોને અનુલક્ષી હાલ સર્વેની કામગીરી પણ ચાલી રહી છે. સેકટરોમાં સ્થિત ભયજનક આવસોનો ફોટા સાથે સર્વે કરવામાં આવી રહ્યો છે. જયારે આ સર્વેના અંતે ડિઝાઈન સર્કલને પણ રીપોર્ટ સુપ્રત કરવામાં આવશે. જો કે તબક્કાવાર ભયજનક આવાસો તોડવાની પ્રક્રીયાના અંતે પણ

● અનુસંધાન પાન-૭ પર





ગુડ ફ્રાઈડે - શુભ શુક્રવારનો દિવસ એટલે ભગવાન ઈસુના મૃત્યુનો દિવસ, પ્રેમ, માફી, સેવા અને કરૂણા સાથે શેષ જીવન સંકલ્પનો દિવસ.... શહેરના ખ્રિસ્તી પરિવારોએ આજે ચર્ચમાં ભગવાન ઈસુના ગુણો ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત થતી રહે એવી પ્રાર્થના કરી હતી... પ્રેમ અને કરૂણાનો સંદેશ માનવજાતમાં સતત પ્રસરતો રહે એ જ ઈસુનો સંદેશ છે...

# ક્ષતિઓ ધરાવતી વૉટર સ્લીપ મામલે ચાર અધિકારીઓને નોટીસ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર (ઉ) અને માણસા વિધાનસભા મતવિસ્તારમાં ક્ષતિઓ ધરાવતી વૉટરસ્લીપને લઈ જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ બે મદદનીશ ચૂંટણી અધિકારી અને બે મતદાર નોંધણી અધિકારીઓને નોટીસ આપી ખુલાસો માંગ્યો છે.

ગઈકાલે જ આ વૉટર સ્લીપનું વિતરણ શરૂ થયુ હતુ. આ વૉટર સ્લીપમાં મુદ્રા રાક્ષસની ભૂલોને લઈ તંત્ર હરકતમાં આવ્યુ છે. નવી વૉટર સ્લીપોનું પ્રિન્ટીંગ શરૂ કરી દેવાયુ છે અને સોમવાર સુધીમાં તેનું વિતરણ પણ સંપન્ન થઈ જશે.

ગાંધીનગર જિલ્લામાં જ નહિ પણ રાજ્યના અન્ય જિલ્લામાં પણ આવી ક્ષતિઓ તંત્રના ધ્યાને આવી છે.

વિધાનસભાની ગાંધીનગર (ઉ) બેઠક માટે ચૂંટણી અધિકારી તરીકે પ્રાંત અધિકારી ગાંધીનગર અને માણસા વિધાનસભા બેઠકના ચૂંટણી અધિકારી તરીકે ડી.સી.એસ.આર. અધિકારીની નિયુક્તી થયેલી છે. જ્યારે મતદાર નોંધણી અધિકારી તરીકે બન્ને તાલુકાના મામલતદારો છે.

જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આજે તેમને નોટીસ આપી દિન-૨માં ખુલાસો માંગવામાં આવ્યો છે.

૨૦૧૪થી ચૂંટણીપંચે મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે વૉટર સ્લીપો આપવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. જેમાં મતદારનો ફોટો, મતદાર ક્રમાંક, મતદાર ભાગ નં., મતદાન મથક નંબર તેમજ મતદાન મથકનું સ્થળ આપવામાં આવે છે. ૨૦૧૪માં આ વૉટર સ્લીપને ઓળખની નિશાની તરીકેની પણ એક વખત પુરતી માન્યતા અપાઈ હતી. બે જંગમાં નોંધાયેલા મતદાનના ૬૦ ટકા મતદારોએ તે વૉટરસ્લીપ રજુ કરી હતી જે નોંધનીય છે.

# જિલ્લાના ૧૪૦ મતદાન મથકોનું વેબકાસ્ટીંગ કરી મોનીટરીંગ થશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ૧૪૦ જેટલા મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ કરવામાં આવશે. આ માટે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે.

જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારમાં ૧૪૦ જેટલા બુથોમાં વેબકાસ્ટીંગ કરી તેના પર સીધી નજર રાખવામાં આવશે તેવો મહત્વનો નિર્ણય લેવાઈ ચુક્યો છે.

ગાંધીનગર (ઉ), કલોલ, દહેગામ, ગાંધીનગર (દ) અને માણસા વિધાનસભા મતવિસ્તારમાં સૌથી વધુ મતદાન મથકો ગાંધીનગર (દ)માં આવેલા છે. સૌથી વધુ ૩૫ જેટલા મતદાન મથકોમાં વેબકાસ્ટીંગ ગાંધીનગર (દ) બેઠકમાં થશે તેમ જાણવા મળેલ છે. કલોલ શહેર અને કલોલ ગ્રામ્ય વિસ્તારના પણ કેટલાક બુથોનું વેબકાસ્ટીંગ કરવામાં આવનાર છે. મતદાન મથકો જે સંવેદનશીલ અને અતિસંવેદનશીલ કેટેગરીમાં છે ત્યાં સઘન પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે તેમજ સતત પોલીસ પેટ્રોલીંગ પણ આ વિસ્તારોમાં કરવામાં આવનાર છે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


# ડૉ. ચાવડાના ઉચ્ચારણો અંગે અમદાવાદ કલેક્ટર પાસે રિપોર્ટ માંગતુ પંચ

ગાંધીનગર, તા.૧૯

ગઈકાલે ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ સાણંદ વિધાનસભામાં યોજાયેલ જાહેર સભામાં કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી. જે. ચાવડાએ ૫૬ ઈંચની છાતીના સંદર્ભમાં કરેલા ઉચ્ચારણોને લઈ ચૂંટણી પંચે અમદાવાદ કલેક્ટર પાસે રિપોર્ટ માંગ્યો છે. ગઈકાલે શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં આ જાહેરસભા યોજાઈ હતી. સભામાં કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી. જે. ચાવડાના પ્રવચનને લઈ પંચ સમક્ષ થયેલી રજૂઆત પછી પંચે અમદાવાદ કલેક્ટર પાસે રિપોર્ટ માંગ્યો છે. કલેક્ટર અમદાવાદ દ્વારા વિડીયો વ્યુવીંગ ટીમ પાસેથી કેસેટ મેળવી અને તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોર સામે થયેલ આચારસંહિતા ભંગની ફરિયાદ પછી હવે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અને કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી. જે. ચાવડાના ઉચ્ચારણો સામે પણ ફરિયાદ થવા પામી છે. જિલ્લામાં બે ધારાસભ્યો સામે આચારસંહિતા ભંગને લઈ થયેલી રજૂઆત પછી રાજકીય પ્રવાહો વધુ ઉત્તેજીત થઈ જવા પામ્યા છે.


Shri Shankersinh Vaghela Bapu Foundation
SAMARPAN PUBLIC SCHOOL
विद्यानां मूलम् समर्पिते
IN SERVICE OF EDUCATION SINCE 1996
Pre-Primary to Higher Secondary
Gujarati & English Medium
Contact For Admission 9081262233 & 9081272233



ADMISSION OPEN
20% CONCESSION ON FEES FOR GIRLS
25% Scholarship for the students with distinction
Are you looking for a school that not only provides education but also inculcates values & ethics in your child ?
Your search is OVER
Office Time - 9:30 a.m. to 3:30 p.m.
SUMMER CAMP FOR CHILDREN
Date : 19th April 2019 to 28th April 2019
Camp 1 : Adventure Activities, including Martial Art, Scatting, Basic adventure, Fun Games etc.
Camp 2 : Art Workshop including training and Materials
For Details Contact : 9081262233 | 9081272233
KH-7 Samarpan Circle, B/h Govt. Engineering College, Sector - 28, Gandhinagar - 382028
Phone : +91 90812 62233, 90812 72233 www.samarpanpublicschool.org
principal@samarpanpublicschool.org, administrator@samarpanpublicschool.org *Terms and conditions apply...



ફ્લેટ વેચાણથી આપવાનો છે
પ્લોટ નં. ૭૯૧-ડી-૩, પ્રથમ મજલો, શ્રીજી એપાર્ટમેન્ટ, પંચશીલ પાર્ક, સેક્ટર નં.૨૧, ગાંધીનગર.
ફોન : ૯૪૨૮૪ ૨૨૨૮૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



Craayons Pre-School & Activity center
ADMISSION OPEN 2019-20



VISHESH Changing children's lives... AFTERNOON BATCH
DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY
Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com